# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૯/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________ સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ગુજરાતના ૨૯ ખેડૂતોને 'ધરતી પુત્ર એવોર્ડ્સ'થી સન્માનિત કરવામાં આવ્યા

## જીવનમાં પ્રથમ વખત આવી રીતનો માહોલ જોવા મળ્યો : ધરતી પુત્રોનો પ્રતિભાવ

**સુરત.** દક્ષિણ ગુજરાતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને તબીબોને સન્માન્યા બાદ હવે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાતના ખેડૂતોને 'ધરતીપુત્ર એવોર્ડ'થી સન્માનવામાં આવ્યા હતા. ચેમ્બર દ્વારા બુધવાર, તા. ૨૮ જુલાઇ ૨૦૨૧ના રોજ સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આવેલા પ્લેટીનમ હોલમાં 'ધરતી પુત્ર સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના કુલ ૨૯ ખેડૂતોને 'ધરતી પુત્ર એવોર્ડ' આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ સર્વેને આવકારી પ્રારંભિક ઉદ્‌બોધનમાં કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, ધરતીને ખેડીને જનતા માટે અનાજ ઉત્પન્ન કરનારા ખેડૂતોને કારણે દેશનું અર્થતંત્ર મજબૂત બને છે. આથી સમગ્ર ભારતની અર્થ વ્યવસ્થા જેમના પર નિર્ભર છે તેવા ધરતીના પુત્રોનું સન્માન કરવાનું ચેમ્બર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. અગાઉ ચેમ્બર દ્વારા દક્ષિણ ગુજરાતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમજ તબીબ મિત્રોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર દ્વારા પદ્‌મશ્રી એવોર્ડ વિજેતા બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના સરકારી બોરીયા ગામના ખેડૂત ગેના પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ગેના પટેલ સુક્ષ્મ પિયત પદ્ધતિથી આધુનિક ખેતી કરે છે અને અનાજનું વેચાણ સીધું ગ્રાહકોને કરે છે તેમજ નિર્યાતકારોને પણ કરે છે. ગાજરને સલાડમાં વાપરવા અંગેની જાગૃતિ માટે પદ્‌મશ્રી એવોર્ડ મેળવનાર જુનાગઢના ખેડૂત અરવિંદ વલ્લભ મારવાનીયાને ધરતી પુત્ર એવોર્ડ આપવામાં આવ્યો હતો. જ્યારે ૨૧

નેશનલ અને ૬ રાજ્ય સ્તરના એવોર્ડ મેળવનાર ઝઘડીયા તાલુકાના પાણેથા ગામના ખેડૂત ધીરેન્દ્રકુમાર ભાનુ દેસાઇને ચેમ્બર દ્વારા ધરતી પુત્ર એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વાલોડના જિગર પ્રવિણ દેસાઇ, નવસારીના સિદ્ધાર્થ દેસાઇ, ઓલપાડના મહેશ બાલુ પટેલ, સુરેન્દ્રનગરના હમીરાજી રઘુલા પરમાર, ગાય આધારિત સજીવ ખેતી કરનારા નવિન ગોરધનજી પટેલ, બનાસકાંઠા જિલ્લાના બુધનપુર ગામના આનંદા ભેમા પટેલ, નખત્રાણાના ધાનાની શિવજી શામજી, જૂનાગઢના વડાલ ગામના ઉમેશ ભીખા દોમડીયા, વલસાડ જિલ્લાના અમલસાડી ગામના ભરત એન. દેસાઇ, જુનાગઢના તિતોડી ગામના ભરત ભીમા નાસિત, કામરેજના ઉંભેળ ગામના મહાર છોટુ પટેલ, કચ્છ જિલ્લાના રત્નાપર ગામના કાંતિલાલ રવજી ભિમાની, રાજકોટ જિલ્લાના ઘનશ્યામગઢના શક્તિસિંહ વનરાજસિંહ જાડેજા, પાંચ સ્તરીય સેન્દ્રીય ખેતી કરનારા અશ્વિનકુમાર જેરામ નારીયા, ઓલપાડ અછારણના જશવંત રામા પટેલ, રાજકોટ જિલ્લાના ચરખડી ગામના સંજય નાથા સાગપરીયા, જામનગરના નાની વાવડી ગામના મેરાછ વેજા રાતડીયા, સુરતના અમિનેશ મિયાની, આણંદ જિલ્લાના પલોલ ગામના અમિત પ્રેમસુખ પટેલ, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના હરેશ મનુ બારૈયા, ગોંડલના તુલસી ગોંડલીયા, નવસારીના પિયુષ બાબુ નાઇક, બોરસદના મહેશ શિવા પરમાર, ઝઘડીયા તાલુકાના પાણેથા ગામના નિકુંજકુમાર ઘનશ્યામ દેસાઇ અને જૂનાગઢ જિલ્લાના વાડલા ગામના અશોક દેવશી ભાલોડીયાને ચેમ્બર દ્વારા ધરતી પુત્ર એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ધરતી પુત્ર એવોર્ડથી સન્માનિત થયેલા ખેડૂતો દ્વારા સુક્ષ્મ પિયત પદ્ધતિથી આધુનિક ખેતી કરવામાં આવે છે. કેટલાક ખેડૂતો ટિસ્યુ કલ્ચર છોડ વાવે છે જ્યારે કેટલાક ખેડૂતો સોલર ઇલેક્ટ્રીક ટ્રેકટરનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે ખેતી કરે છે. ખેડૂતો દ્વારા દેશી બિયારણો વાપરીને આધુનિક ટેકનોલોજીની મદદથી ખેતી કરવામાં આવે છે. એસડીએનએફ પદ્ધતિથી સજીવ ખેતી કરવામાં આવે છે. આ ખેડૂતો દ્વારા દાડમ, આંબા, કેળ, જામફળ, ડ્રેગન ફ્રુટ, ચીકુ, ખારેક, પપૈયા, એપલ બોર, ઘઉ, મગફળી, શેરડી, હળદર, કઠોળ, શાકભાજી, મશરૂમ, ડાંગર, બ્રોકલી, કાકડી, ધાણા અને બટાકાની ખેતી કરવામાં આવે છે. મોટા ભાગના ખેડૂતો દ્વારા ઓર્ગેનિક મોલમાં તેમજ ખેતરેથી ગ્રાહકોને અને નિર્યાતકારોને સીધું વેચાણ કરવામાં આવે છે.

એવોર્ડ સમારોહમાં ગુજરાતના ખેડૂત મિત્રોએ પોતપોતાના પ્રતિભાવ આપ્યા હતા. જીવનમાં પ્રથમ વખત આવી રીતનો માહોલ જોવા મળ્યો તેમ જણાવી તેઓએ ચેમ્બરનો આભાર વ્યકત કર્યો હતો.

ચેમ્બરના મેનેજિંગ કમિટીના સભ્ય કે.બી. પિપલીયાએ એવોર્ડ માટે ગુજરાતના ખેડૂતોની પસંદગી માટેની સમગ્ર પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. હોર્ટિકલ્ચર, સુરતના ડેપ્યુટી ડાયરેકટર ડી.કે. પડાલિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ઇલેકટ પ્રેસિડેન્ટ આશિષ ગુજરાતી અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિમિટેડના વાઇસ ચેરમેન અરૂણ બુટાણીએ સમારોહમાં પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ એવોર્ડ સમારોહનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ઇલેકટ વાઇસ પ્રેસિડેન્ટ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.